# શાલીન માનવરત્ન સન્માન અર્પણ

અનુપમ મિશન દ્વારા
માનવતાના પ્રકાશપુંજનાં સન્માન



૮ જાન્યુઆરી ૨૦૨૦


સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા

શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિજતન, પર્યાવરણ-સંવર્ધન આદિ ક્ષેત્રોમાં દાન, પ્રબંધ દ્વારા ઉત્તમ સેવા પ્રદાન કરતા સમાજના આદરણીય પ્રેરણાદાયી મહાનુભાવોને સન્માનિત કરી ભક્તિ કર્યાનો ભાવ સેવી પ્રતિવર્ષ અનુપમ મિશન સાહેબદાદાની પ્રેરણાથી શાલીન માનવરત્ન સન્માન અર્પણ કરે છે.


પૂ. ડૉ. મનોજભાઈ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના પાવન પ્રસંગે સમાજના આવા શૂરવીર સેવકોને સન્માનિત કરવાનો સુંદર કાર્યક્રમ ૮ જાન્યુઆરીની શીતળ સાંજે યોજાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રીમાન દેવાંગભાઈ પટેલ, શ્રીમાન પ્રયાસ્વિનભાઈ પટેલ, સુશ્રી મૌનાબહેન પટેલ, શ્રીમાન સુરેન્દ્રભાઈ પટેલ, શ્રીમાન પ્રવીણભાઈ કોટકને તેઓનાં અપ્રતિમ સેવાકાર્યો બદલ વિનમ્રતાપૂર્વક 'શાલીન માનવરત્ન' સન્માન અર્પણ કરાયો. સન્માન પ્રાપ્ત કરનાર સૌએ ધન્યતાનો પ્રતિભાવ આ પ્રસંગે વ્યક્ત કર્યો.

સભા પ્રારંભે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને પૂ. ડૉ. મનોજભાઈ સોનીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી 'શાલીન માનવરત્ન'ની વિશેષતા અને ગરિમાને સમજાવી અનુપમ મિશનની ભક્તિભાવનાને વ્યક્ત કરી. આ પ્રસંગે પધારેલ વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮ પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજે સાહેબદાદા પ્રતિનો પ્રેમભાવ શાલ ઓઢાડીને વ્યક્ત કર્યો.


આશીર્વાદ : સંતભગવંત સાહેબજી


સાહેબદાદા પ્રતિ પ્રેમભાવ વ્યક્ત કરતા પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ


વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮
પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ








શ્રીમાન દેવાંગભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન દેવાંગભાઈ પટેલ**

“ ગુરુઆજ્ઞાથી થઈ શકે તેટલું સેવાકાર્ય કરવાનું પ્રયત્ન કરું છું. 'તારું ના હોય તો છોડી દે અને જો તારું હોય તો છોડી બતાવ.' આ આજ્ઞાએ મને સેવા કરવા શક્તિ આપી. સમાજોત્થાનનું કાર્ય સંતોના આશીર્વાદથી સદૈવ થતું રહે તેવી અંતરની પ્રાર્થના છે. ”






શ્રીમાન પ્રયાસ્વિનભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન પ્રયાસ્વિનભાઈ પટેલ**

“ કોઈપણ વ્યક્તિ સારાં કર્મો સિદ્ધિ માટે નહિ પણ અન્યને ખુશી આપવા માટે કરે છે. અમે અહીંયાં સાહેબદાદાનાં સારાં કાર્યોમાં સહભાગી થવા એકત્ર થયા છીએ. સાહેબદાદાએ સદાય સૌની સેવા કરીને અમને પણ સેવા કરવા પ્રેર્યા છે. ”






શ્રીમાન પ્રવીણભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન પ્રવીણભાઈ કોટક**

“ સંતો સૌને સદ્‌માર્ગે વાળે છે. સંત સાથે રહીને સંત ના થવાય તો કાંઈ નહિ પણ શાંત થવાય અને સેવાપ્રવૃત્ત રહેવાય તે પણ ઘણું છે. સાહેબદાદાના સાંનિધ્યે આ સન્માન પ્રાપ્ત થયું તે મારા માટે અત્યંત સદ્‌ભાગ્યની વાત છે. ”







આ પ્રસંગે ગોસ્વામી પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજે આશીર્વાદ વરસાવ્યા કે, 'સાહેબના પ્રત્યેક કાર્યમાં ભક્તિની જ સુવાસ જોવા મળે છે. ધર્મની ધજા તેમણે વિશ્વમાં ફેલાવી છે અને સમાજના અંતિમ વ્યક્તિને પણ સુખી કરવા તેઓ તત્પર રહ્યા છે. સામાન્ય વ્યક્તિને પણ પ્રેરણા આપી તેના દ્વારા ભગવાનનું કાર્ય કરાવવાની શક્તિ અને સામર્થી તેઓમાં છે. તેઓ બાળક જેવા નિર્દોષ, નિરહંકારી અને પ્રેમાળ છે. સર્વે સન્માનિત વિભૂતિઓની ભક્તિ અને શક્તિને વંદન છે.'

'શાલીન માનવરત્ન' સન્માન પ્રાપ્ત કરનાર સૌનેય ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સાહેબદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા કે, 'યોગીજી મહારાજ કહેતા કે, ભગવાનનું શ્રેષ્ઠ સર્જન માનવ છે. માનવના ઉત્કર્ષમાં જે જે સમર્પિત થયા છે તેમનું સન્માન કરવું એ આપણી ભક્તિ છે. આજે જેઓનાં સન્માન થયાં તે સૌ વિરલ વિભૂતિઓ છે. તેમની પાસે જે કાંઈ છે તે સમાજને અર્પણ કરી સૌના ઉત્થાનનું કાર્ય કરે છે, જે સહજ સૌને પ્રેરણા આપે છે.'

સાહેબદાદાના પ્રેમથી ભક્તિના રંગે રંગાયેલ અને આ પ્રસંગે ઉપસ્થિત UN ઍમ્બેસેડર શ્રીમાન વર્તન મૅલકોનિયને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. વિશ્વમાં શાંતિ પ્રસરાવવાના શુદ્ધ ભાવ સાથે સાહેબદાદાની પ્રેરણાથી તેઓ દ્વારા તૈયાર થનાર 'શ્રી સ્વામિનારાયણ સિમ્ફની'ના માધ્યમથી વિશ્વના ૧૮૦ દેશોને સાંકળવાનું ભક્તિભર્યું કાર્ય કરવાના તેઓના પ્રયાસને આ પ્રસંગે રજૂ કર્યો. શ્રીમાન વર્તન દ્વારા જીનીવાની પરિષદમાં રજૂ કરાયેલ અનુપમ મિશનના સમાજઉત્થાનના કાર્યની તેઓએ ઝાંખી પ્રસ્તુત કરી.


શ્રીમાન સુરેન્દ્રભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



## શ્રીમાન સુરેન્દ્રભાઈ પટેલ

મૌન રહીને સંતોના વચને સત્સંગપ્રધાન જીવન જીવી સમાજની સેવામાં પ્રવૃત્ત નિર્માની ભક્તરત્ન શ્રીમાન સુરેન્દ્રભાઈએ 'શાલીન માનવરત્ન' સન્માન સ્વીકારી સૌને સમાજસેવાની પ્રેરણા અર્પી.


સુશ્રી મૌનાબહેનને શાલીન માનરત્ન સન્માન અર્પણ



## સુશ્રી મૌનાબહેન પટેલ

સુશ્રી મૌનાબહેને શ્રમ મંદિરના માધ્યમથી કરેલ કુષ્ઠરોગ પીડિતોની સેવાને 'શાલીન માનવરત્ન' સન્માન રૂપે બિરદાવી તેઓ વતી સંસ્થાના સેવિકાએ કૃતજ્ઞભાવ અર્પણ કરી આ પ્રસંગે ધન્યતા વ્યક્ત કરી.


શ્રી વર્તન મેલકોનિયન

આ દિવ્ય પ્રસંગે અતિથિવિશેષ સ્વરૂપે પધારેલ ગુજરાત રાજ્યના આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનાં સન્માન કરાયાં. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'અનુપમ મિશનના અધિષ્ઠાતા જશભાઈ સાહેબના વિનમ્ર સ્વભાવનો પરિચય મને વારંવાર થયો છે. તેમની સાથે મારો લાગણીનો સંબંધ છે. સામાન્ય પરિવેશમાં રહીને તેઓએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ભક્તિની સુવાસ વિશ્વભરમાં પ્રસરાવી છે. આજે સન્માન પામેલાં સૌ કોઈ ગુજરાત રાજ્ય અને દેશના ઉત્થાન માટે વિવિધ સેવાનાં કાર્યોમાં જોડાયેલાં છે. તે સૌનાં સન્માન થતાં જોઈ આનંદ થયો. નવી પેઢીને આ સંસ્કાર આપવા જરૂરી છે. આવાં રત્નો શોધી સૌને પ્રેરણા આપવા બદલ હું જશભાઈ સાહેબ, તેમના સાથીદારો અને અનુપમ મિશન પરિવારનાં સૌને પ્રણામ કરું છું.'



શ્રીમાન નીતિનભાઈ પટેલ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ નિમિત્તે પ્રકાશિત 'સંતભગવંત સાહેબજીની છે મહાત્મ્યસભર વાણી સદા' ભાગ-૮, 'સ્પિરિચ્યુઅલ એસેન્સ' ભાગ-૫, અને બાળ પ્રવૃત્તિ માટેનું નૂતન પ્રકાશન 'અનુપમ તારલા', 'આપણું ઘર આપણી સંવાદિતા', 'Our Home Our Harmony', 'આરાધના' કીર્તનનિધિ દ્વિતીય, 'સાધુહૃદયની પ્રાર્થનાગંગા' આદિ પ્રકાશનોનાં મુક્તાર્પણ આ પ્રસંગે થયાં.



ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈનાં અનુપમ મિશન દ્વારા સન્માન

'શાલીન માનવરત્ન' સન્માન અર્પણની સાથે શ્રી મંદિરજીની નિર્માણસેવામાં સંપૂર્ણપણે સમર્પિત આર્કિટેક્ટ શ્રી અમિતભાઈ પટેલ, શ્રી કિરણભાઈ ત્રિવેદી, શ્રી દ્વિજેનભાઈ પંચાલ, શ્રી હિતેશભાઈ પટેલ, સુશ્રી પૂર્વા રાજ પટેલ, સાધુશ્રી પૂ. સુનીલભાઈ પંડ્યાનાં વિશેષ સન્માન કરી તેઓની ભક્તિને બિરદાવી. આ પ્રસંગે ઉપસ્થિત હજારો અક્ષરમુક્તોની મેદનીએ પ્રેરણા અને ધન્યતાનો અલૌકિક અનુભવ કર્યો. ◆



સંતો અને મહાનુભાવોના સાંનિધ્યે 'શાલીન માનવરત્ન' સન્માન પ્રાપ્ત કરનાર વિભૂતિઓ